GJGS040000702010

सत्यमेव जयते

**<u>ઉના ના મે. અધિક સીનીયર સીવીલ જજ સાહેબ ની કોર્ટ માં, મું. ઉના</u>**

**<u>રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબર : ૪૨/૨૦૧૦</u>**

**<u>આંક: ૮૬</u>**

*પ્રાપ્તિ તારીખ: - ૨૧.૦૫.૨૦૧૦*

*નોંધ્યા તારીખ: ૨૧.૦૫.૨૦૧૦*

*ફેંસલ તારીખ : ૨૮.૦૭.૨૦૨૬*

*વર્ષ: ૧૬ માસ: ૦૨ દિવસ : ૧૮*

વાદી : માંડણભાઈ પાંચાભાઈ મજેઠીયા
ઉ.વ.આ-૫૬, ધંધો-ખેતી
રહેવાસી : નવાબંદર, જલારામ સોસાયટી, રામ મંદિર રોડ,
નવાબંદર, તા. ઉના.

**વિરૂધ્ધ**

પ્રતિવાદીઓ : **૦૧. બાબુભાઈ અરજણભાઈ બોરૈયા**
**૦૨. હમીરભાઈ બાબુભાઈ બોરૈયા**
**૦૩. જેઠાભાઈ બાબુભાઈ બોરૈયા**

---

**<u>દાવો</u> : ધી સ્પેશ્સીફીક રીલીફ એકટ, ૧૯૬૩ ની કલમ-૩૪ મુજબ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટેનો દાવો**

---

વાદી તરફે વિ.વકીલ શ્રી એમ.એ.નકવી

પ્રતિવાદીઓ તરફે વિ.વકીલ શ્રી એચ.એન.શાહ

---

## -:: ઠરાવ ::-

<u>૦૧.</u> વાદીના દાવાની ટુંક માં હકીકત એવી છે કે આ કામના પ્રતિવાદી ઉનાના લામધાર ગામે રહે છે અને ખેતમજુરી નો ધંધો કરે છે. પ્રતિવાદી નં : ૦૧ એ પ્રતિવાદી નં : ૦૨ અને ૦૩ ના પ્રિતાશ્રી થાય છે અને તે રીતે પ્રતિવાદી નં : ૦૨ અને નં : ૦૩ પ્રતિવાદી નં : ૦૧ ના સગા પુત્રો છે. વાદી ની કાયદેસર ની માલિકી તથા કબજા ભોગવટાની ખેતી ની જમીન જે તાલુકા ઉનાના દેલવાડા ગામની રેવન્યુ સર્વે નંબર : ૩૫૧/પૈકી - ૩ જેના હેકટર ૦૨ આરે ૦૪ ચો.મી ૩૬ વાળી આવેલી છે જેની ચતુ:દિશા દાવા અરજી ના પેરા નંબર : ૦૯ માં જણાવવામાં આવેલ છે. વાદીએ દાવાવાળી જમીન તા. ૦૯.૦૪.૨૦૦૯ ના રોજ સવિતાબેન શિવશંકર મહેતા વિગેરે પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં : ૯૪૦ થી ખરીદ કરેલ છે અને ત્યારથી આ જમીનના વાદી કાયદેસરના માલિક અને કબજેદાર થયેલા છે. વાદી દાવાવાળી જમીન ખરીદ કર્યા પછી રેવન્યુ રેકર્ડ માં વાદી ના નામે અને ખાતે કરાવી લીધેલ અને તે રીતે દાવાવાળી જમીન વાદી ની કાયદેસરની માલિકી તેમજ કબજા ભોગવટા ની છે જેનો વાદીઓ માલિકી હકકે ઉપયોગ અને ઉપભોગ કરતાં આવેલ છે. વાદી ની દાવાવાળી જમીનના ફરતે બાવળીયાની વાડ આવેલી છે તેમજ દાવાવાળી જમીન માં બે તાડીયા અને એક બોરડી આવેલ છે. વાદી ની દાવાવાળી જમીન સાથે આ કામના પ્રતિવાદીઓને કાંઇ પણ લેવા દેવા નથી કે કોઈ નિસ્બત નથી તેમ છતાં આ કામના પ્રતિવાદીએ વાદી તથા તેમના ઘર ના સભ્યો ને છેલ્લા થોડા સમય થી કોઈપણ કારણ વગર હેરાન પરેશાન અને ઝઘડો કર્યા કરે છે તેના કારણે વાદીને હાલ નો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે. ગઈ તા. ૧૯.૦૫.૨૦૧૦ ના રોજ ચોમાસુ નજીક આવતું હોય દાવાવાળી જમીન તૈયાર કરવા માટે વાદી તેમજ તેમના પુત્ર સોમાભાઇ કામ કરતા હોય તે સમયે સવારે ૧૦:૩૦ કલાકે આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી જમીન પાસે આવેલા અને વાદીઓને જણાવેલ કે દાવાવાળી જમીન માં હવે તમો આવતાં નહિં નહિંતો જોવા જેવી થશે તેમ કહીને તેઓ ત્યાંથી ચાલ્યા ગયેલા. આમ, હાલ નો દાવો દાખલ કરી વાદીએ નીચે મુજબ ની દાદ દાવામાં માંગેલ છે.

૧.૧ વાદી ની દાવાવાળી જમીન જે તાલુકા ઉના ના દેલવાડા ગામની સીમમાં રેવન્યુ

સર્વે નંબર : ૩૫૧/પૈકી ૩ વાળી હે. ૦૨ આરે ૦૪ ચો.મી ૩૬ વાળી આવેલી છે જેની ચતુ:દિશા ઉપર ના પેરા-૯ માં જણાવેલ છે જે વાદીની કાયદેસરની માલિકી તથા કબજા ભોગવટાની આવેલી છે તેવું જાહેર કરી આપવા...

૧.૨ વાદીની દાવાવાળી જમીન જે તાલુકા ઉનાના દેલવાડા ગામની સીમ માં રેવન્યુ સર્વે નંબર : ૩૫૧/પૈકી-૩ જેનો હે. ૨ આરે. ૦૪ ચો.મી ૩૬ વાળી આવેલી છે જેની ચતુ:દિશા ઉપરના પેરા - ૯ માં જણાવેલી છે. દાવાવાળી જમીન વાદી તથા વાદીના ઘરના સભ્યો ખેડે, વાવે ઉપજ લે તેમાં આ કામના પ્રતિવાદીઓ તેમના કુટુંબીજનો, એજન્ટો, નોકરો કે મુખત્યાર કોઈપણ પ્રકારની હરકત, દખલ કે અટકાયત ઉભી કરે નહિં તેવો કાયમી મનાઈ હુકમ આ કામના પ્રતિવાદીઓ સામે આપવા અરજ ગુજારેલ છે.

૧.૩ વાદીને દાવા સંબંધે મળવાપાત્ર કાયદેસર ની અન્ય તમામ દાદ અપાવવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

<u>૦૨.</u> આંક : ૧૪ થી પ્રતિવાદીઓ દ્વારા હાલ ના દાવા ના કામે દાવાનો જવાબ રજુ રાખી જણાવેલ છે કે મોજે દેલવાડા ગામમાં આવેલી સીમની ખેતીની જમીન જેના સર્વે નંબર : ૩૫૧/પૈકી-૩ હે. ૨ આરે ૦૪ ચો.મી ૩૬ વાળી જમીન માં પ્રતિવાદીઓ નો કબજો ભોગવટો આશરે ૪૦ વર્ષ કરતાં વધારે સમય થી તેઓ ધરાવે છે અને ખેતી કરીને તેમના કુટુંબ નું ગુજરાન ચલાવે છે. સદર ખેતીની જમીન પ્રતિવાદી નં : ૦૧ ના પિતાશ્રી અરજણભાઇ ભીખાભાઇ ના વખત થી તેઓ ધરાવે છે. પ્રતિવાદી નં : ૦૧ ના પિતાશ્રી ને એક મીલેટ્રીનો માણસ આવીને રૂબરૂ આપી ગયેલ અને કહેલ કે આ જમીન તમો સરખી કરીને ખેતી લાયક કરજો અને ખેતી કરજો અને તેનો ઉપયોગ ઉપભોગ કરજો તેમાં વાવેતર કરીને ઉપજ લેજો અને અહીયા આ જમીન માં રહેજો તેમ જણાવેલ. ત્યારબાદ વધુ માં જણાવેલ કે આ જમીન સરકારે તેમને સાંથણી માં નવી શરતે આપેલ છે ભવિષ્ય માં નવી શરત માંથી જુની શરત માં ફેરવવા માં આવે અને અમારા નામે થઇ જાય એટલે અમો તે જમીન તમોને વેચાણ આપી દેશું. તેમ જણાવેલ અને તેના બદલા માં પ્રતિવાદી નં : ૦૧ ના પિતાશ્રીએ તે મીલેટ્રીના માણસ ને રૂપિયા ૫૦૦/- રોકડા આપેલા તે રીતે આ જમીન નું નકકી કરેલ. આ બધી હકીકત પ્રતિવાદી નં : ૦૧ નાઓ સારી રીતે જાણે છે. તેમજ પ્રતિવાદી નં : ૦૧ ના પિતાશ્રી એ પણ વાદીને તમામ હકીકત જણાવેલ તે રીતે સદર જમીન નો કબજો ભોગવટો છેલ્લા ૪૦ વર્ષ કરતાં વધારે

સમયથી પ્રતિવાદીઓ ઘરાવે છે અને ત્યાર થી તેમાં બાજરો તથા જુવાર નું વાવેતર કરીએ છીએ અને પ્રતિવાદી નં : ૦૧ ના પિતાશ્રી આશરે ૧૫ વર્ષ પહેલા અવસાન પામેલા છે. સદર જમીન માં પ્રતિવાદીઓ તેમના માલઢોર રાખે છે અને તેમાં તે ચરે છે. સદર જમીન માં એક ઝુપડું બનાવેલ છે. ફરતે બાવળની વાડ કરેલ છે. હાલ માં ચોમાસાની સીઝન આવતી હોય ખેતર ખેડેલ છે. પ્રતિવાદીઓ ઘણા વર્ષો થી ખેતી કરીને વાવેતર કરતાં આવેલ છે. દર વર્ષે બાજરી તથા જુવાર નો પાક વાવે છે. ખેતી કામ માટે માણસો, મજુરો અને દાડીયા રાખે છે. સદર ખેતી ની જમીન પ્રતિવાદી ના પિતાશ્રી ને જે મીલીટ્રીના માણસ આપી ગયેલ છે તે આજની તારીખ સુધીમાં કદી પાછા આવેલ નથી આમ તે મીલીટ્રીના માણસ ને સદર દાવાવાળી સર્વે નંબર વાળી જમીન પ્રતિવાદી ના પિતાશ્રી ને સોંપી ગયેલ છે. તે રીતે તેનો કબજો ભોગવટો પ્રતિવાદીઓ ઘરાવીએ છીએ. તેવીજ રીતે સદર જમીન ના પ્રતિવાદીઓ માલિક બનેલા છે. વાદીએ કહેવાતી આ સર્વે નંબર વાળી જમીન વેચાણ આશરે ૧ વર્ષ કરતાં વઘારે સમય થી રાખેલ છે તેમ જણાવેલ છે તો તેઓ એ સદર જમીન જેમની પાસેથી વેચાણ રાખેલ છે તેમની પાસે જવું જોઈએ અને તેમની સામે દાવો દાખલ કરવો જોઈએ નહિં કે પ્રતિવાદી સામે. હાલ ના દાવા ના કામે પ્રતિવાદીઓ ને કાંઇ લાગતું વળગતું ન હોવા છતાં ખોટી રીતે દાવામાં જોડવામાં આવેલા છે. આમ, વાદીઓ નો દાવો નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

<u>03.</u> આંક : ૧૭ થી વાદી દ્વારા હાલ ના દાવા ના કામે કાઉન્ટર એફીડેવીટ રજુ રાખી જણાવેલ છે કે પ્રતિવાદીને કોઈ મીલીટ્રી નો માણસ તેમને સરકાર દ્વારા સાથણી માં આવેલ જમીન આપી ગયેલા અને તે જમીન નવી શરત ની હોવાના કારણે ભવિષ્ય માં નવી શરત માંથી જુની શરત માં ફેરવવાની શરતે રૂા. ૫૦૦/- ની રકમ લઈ ને જમીન આપેલ હોવાની તમામ હકીકતો ખોટી જણાવેલ છે. દાવાવાળી જમીન માં પ્રતિવાદીઓ ખેતી કામ કરી ઉપજ મેળવતા હોવાની હકીકત નો પણ સ્પષ્ટપણે ઇનકાર કરવામાં આવેલ છે. પ્રતિવાદીઓ તરફે હાલ ના દાવાના કામે જે સોગંદનામાઓ કરવામાં આવેલ છે તે તમામ સોગંદનામાઓ તદ્દન ખોટા કરવામાં આવેલા છે. આમ, પ્રતિવાદીઓ તરફે જે હકીકતો જણાવવામાં આવેલ છે તે તદ્દન ખોટી અને મનઘડીત હોય તેથી તેનો સ્પષ્ટ શબ્દો માં ઈનકાર કરવામાં આવેલ છે.

<u>04.</u> હાલ ના દાવા ના કામે નામદાર કોર્ટ દ્વારા આંક : ૩૬ થી મુદ્દા ઘડવામાં આવેલ છે જેના

**સમર્થનમાં નીચે મુજબ ના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.**

**<u>વાદી તરફે મૌખિક પુરાવો</u>**

**૦૧. વાદી માંડણભાઈ પાંચાભાઈ મજીઠીયા ની જુબાની આંક : ૪૬**

**૦૨. વાદી સાહેદ સોમવારભાઈ માંડણભાઈ મજીઠીયા ની જુબાની આંક : ૬૦**

**૦૩. વાદી સાહેદ જીતેન્દ્રભાઈ શીવશંકરભાઈ મહેતા ની જુબાની આંક : ૬૫**

**<u>પ્રતિવાદીઓ તરફે મૌખિક પુરાવો</u>**

**૦૧. પ્રતિવાદી બાબુભાઈ અરજણભાઈ બારૈયા ની જુબાની આંક : ૬૭**

**૦૨. પ્રતિવાદી સાહેદ બાબુભાઈ ભગવાનભાઈ બાંભણીયા ની જુબાની આંક : ૭૫**

**૦૩. પ્રતિવાદી સાહેદ હમીરભાઈ બાબુભાઈ બારૈયા ની જુબાની આંક : ૭૬**

**૦૪. પ્રતિવાદી સાહેદ જેસીગભાઈ ટબાભાઈ રાઠોડ ની જુબાની આંક : ૭૯**

**<u>વાદી તરફે દસ્તાવેજી પુરાવો</u>**

**૦૧. ફોજદારી કેસ નું જજમેન્ટ ની ખરી નકલ આંક : ૪૯**

**૦૨. ફોજદારી કેસ માં થયેલ બાબુભાઈ ની જુબાની ની ખરી નકલ આંક : ૫૦**

**૦૩. ફોજદારી કેસ માં થયેલ જુબાની ની ખરી નકલ આંક : ૫૧**

**૦૪. મામલતદાર કોર્ટ નો હુકમ ની ખરી નકલ આંક : ૫૨**

**૦૫. ગામ નમુનો નંબર : ૮-અ આંક : ૫૩**

**૦૬. ગામ નમુનો નંબર ૭ અને ૧૨ આંક : ૫૪**

**૦૭. ગામ નમુનો નંબર : ૬ હકકપત્રક આંક : ૫૫**

**૦૮. ખેતી ની જમીન નો વેચાણ દસ્તાવેજ ની ખરી નકલ આંક : ૫૬**

**૦૯. કુલમુખત્યાર નામા ની ખરી નકલ આંક : ૫૭**

**૧૦. સુધારા દસ્તાવેજ ની ખરી નકલ આંક : ૫૮**

**<u>પ્રતિવાદીઓ તરફે દસ્તાવેજી પુરાવો</u>**

**૦૧. ગામ નમુનો હકકપત્રક નંબર ૦૬ આંક : ૮૫**

**<u>૦૫.</u> અમારા પુરોગામી વિ.ન્યાયાધીશ શ્રી દ્વારા આંક : ૩૬ થી નીચે મુજબ ના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.**

૦૧. શું વાદી પુરવાર કરે છે કે, ઉના તાલુકાના દેલવાડા ગામની સીમ માં આવેલ રેવન્યુ સર્વે નંબર : ૩૫૧/પૈકી-૩ હેકટર ૦૨ આરે ૦૪ ચો.મી ૩૬ વાળી ખેતીની જમીન વાદીની કાયદેસરની માલિકી તથા કબજા ભોગવટાની આવેલી છે ?

૦૨. શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, દાવાવાળી જમીનનો કબજો ભોગવટો આશરે ૪૦ વર્ષ કરતાં વધારે સમયથી પ્રતિવાદીઓ ધરાવે છે ?

૦૩. શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓએ કોર્ટના સ્ટેટસ કો ના હુકમ નો ભંગ કરેલ છે ?

૦૪. શું વાદી દાવા માં માંગ્યા મુજબ ની દાદ મેળવવા હકકદાર છે ?

૦૫. શું હુકમ અને હુકમનામું ?

ઉપરોકત જણાવેલા મુદ્દાઓ ના નિર્ણયો હવે પછી જણાવેલા કારણો ને આધારે નીચે મુજબ છે.

૦૧. હકારમાં,

૦૨. નકારમાં,

૦૩. નકારમાં,

૦૪. હકારમાં,

૦૫. આખરી હુકમ મુજબ.

**<u>-:: કારણો ::-</u>**

**<u>૦૬. મુદ્દા નંબર : ૦૧</u>**

મુદ્દા નંબર : ૦૧ નો જવાબ હકાર માં આપવામાં આવે છે કારણ કે હાલ ના દાવા ના કામે રજુ રેવન્યુ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો તેમાં જમીન ના માલિક તેમજ કબજેદાર તરીકે વાદી નું નામ ચાલી આવેલ છે. આંક : ૫૩ થી રજુ ગામ નમુનો નં : ૮-અ વંચાણે લેવામાં આવે તો તેમાં વાદી નું નામ ચાલી આવેલ છે. આંક : ૫૪ થી રજુ ખેતી ની જમીન ના ગામ નમુના નં : ૭ અને ૧૨ જો ધ્યાને લેવામાં આવે તો તેમાં પણ વાદી નું નામ ચાલી આવેલ છે.

આંક : ૫૫ થી રજુ દાવાવાળી જમીન ના હકકપત્રક નમુના નં : ૦૬ વંચાણે લેવામાં આવે તો તેમાં પણ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી દાવાવાળી જમીન એ વાદી દ્વારા ખરીદ કરવામાં આવેલ છે અને એન્ટ્રી નંબર : ૩૬૪૮ થી તેમના નામે બોલે છે. આંક : ૫૬ તથા ૫૮ થી રજુ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા સુધારા દસ્તાવેજ વંચાણે લેતાં દાવાવાળી જમીન વાદી દ્વારા કાયદેસર નો અવેજ આપી ખરીદ કરવામાં આવેલ છે તે જ છે જે આધારે પણ વાદી દાવાવાળી જમીન ના કાયદેસર ના માલિક અને કબજેદાર બનેલા છે.

પ્રતિવાદીઓ તરફે રજુ દસ્તાવેજ આંક : ૮૫ વંચાણે લેવામાં આવે તો તે દસ્તાવેજ એ ગામ નમુનો હકકપત્રક નંબર : ૦૬ છે જેમાં દાવાવાળી જમીન ના મુળ માલિક શિવશંકર ગોરધનભાઇ એકક્ષ આર્મી મેન ને સાંથણી માં આપવામાં આવેલ જમીન ની એન્ટ્રી બોલે છે. આંક : ૫૬ વાળો દાવાવાળી જમીન નો વેચાણ દસ્તાવેજ વંચાણે લેતાં સદર વેચાણ દસ્તાવેજ માં દાવાવાળી જમીન વેચનાર તરીકે શિવશંકરભાઇ ગોરધનભાઇ ના વારસો ના નામો છે. આમ, પ્રતિવાદી નું કોઇ જગ્યા એ નામ નથી કે તેમના પિતા નું પણ કોઇ જગ્યા એ નામ નથી જેથી દાવાવાળી જમીન ના વાદી કાયદેસર ના માલિક અને કબજેદાર છે જે હકીકત હાલ ના દાવા ના કામે સ્પષ્ટપણે પુરવાર થતી હોય મુદ્દા નંબર : ૦૧ નો જવાબ હકાર માં આપવામાં આવે છે. વધુ માં વાદી ની આંક : ૪૬ થી રજુ જુબાની જો વંચાણે લેવામાં આવે તો ઉપરોકત હકીકત ને સમર્થન મળે છે અને વાદી તેમની ઉલટ તપાસ માં એ હકીકત કબુલ મંજુર રાખેલ છે કે દાવાવાળી જમીન તેમણે સવિતાબેન શિવશંકરભાઇ પાસેથી વેચાણ રાખેલ. જેથી મુદ્દા નંબર : ૦૧ નો જવાબ હકાર માં આપવામાં આવે છે.

<u>૦૭.</u> <u>મુદ્દા નંબર : ૦૨</u>

મુદ્દા નંબર : ૦૨ નો જવાબ નકાર માં આપવામાં આવે છે કારણ કે આંક : ૬૭ થી પ્રતિવાદી ની પોતાની જુબાની જો વંચાણે લેવામાં આવે તો તેઓ તેમની ઉલટ તપાસ માં એ હકીકત કબુલ મંજુર રાખેલ છે કે એ વાત ખરી છે કે દાવાવાળી જમીન ના મુળ માલિક સવીતાબેન શીવશંકર મહેતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવેલ છે કે શીવશંકરભાઇ એ મારા પિતા ને જમીન આપેલી. એ વાત ખરી છે કે આ અંગે નો કોઇ લેખિત આધાર પુરાવો તેમની પાસે નથી. આંક : ૪૮ થી કોર્ટ કમિશ્નર શ્રીનું પંચરોજકામ વંચાણે લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે વાદગ્રસ્ત જમીન એ વાદી માંડણભાઇ પાંચાભાઇ ની છે. આખા ખેતરમાં કોઇ

પણ જાત નું વાવેતર થયેલ નથી. ખેડ કામ ચાલુ છે. આમ, વાદગ્રસ્ત જમીન નો ચોકકસ કબજો એ પંચરોજકામ ધ્યાને લેવાથી સ્પષ્ટપણે ફલિત થતું નથી. પ્રતિવાદી તરફે વાદગ્રસ્ત જમીન નો કબજો તેઓ છેલ્લા ૪૦ વર્ષ થી ધરાવે છે તે દર્શાવવા માટે અન્ય કોઇ ચોકકસ, સચોટ અને સંતોષકારક પુરાવા રજુ રાખવામાં આવેલા નથી. આંક : ૫૨ થી રજુ મામલતદાર કોર્ટ ઉના નો હુકમ વંચાણે લેવામાં આવે તો તેમાં મામલતદાર કોર્ટ ઉના દ્વારા જણાવવામાં આવેલ છે કે "આ કામના અરજદાર શ્રી તરફ થી સવાલવાળી જમીન શ્રી રીટાબેન કાકુભાઇ અધ્યારૂ એ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં : ૧૦૬ તા. ૦૪.૦૧.૨૦૦૫ થી માંડણભાઇ પાંચાભાઇ મજેઠીયાને વેચાણ આપેલ છે જે મુજબ સવાલવાળી જમીન નો કબજો આ કામના સામાવાળા નો હોવાનું જણાઇ છે. આ કામના અરજદાર શ્રી દ્વારા સવાલવાળી જમીન બાબતે પોતાનો કબજો હોવા અંગે ના કોઇ દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરેલ નથી તેમજ અરજી માં કરેલ રજુઆત મુજબ જમીન વેચાતી રાખેલ હોવાનું જણાવેલ છે પરંતુ તે અન્વયે કોઇ વેચાણ દસ્તાવેજ કે અન્ય કોઇ આધાર પુરાવા રજુ કરેલ નથી. સવાલવાળી જમીન માં નોંધાયેલ પ્રોમલોગેશન થી અત્યાર સુધી ની હકકપત્રક નોંધણી ચકાસણી કરતાં અરજદાર શ્રી નું કે તેઓના પૂર્વજોના નામે સવાલવાળી જમીન હોવાનું રેકર્ડ ઉપર થી જણાતું નથી. આમ, મામલતદાર કોર્ટ ઉના દ્વારા પણ દાવાવાળી જમીન નો કબજો વાદી નો માનવા માં આવેલ છે. પ્રતિવાદીઓ નો કોઇ કબજો દાવાવાળી જમીન માં જણાઇ આવતો નથી, જેથી મુદ્દા નંબર : ૦૨ નો જવાબ નકાર માં આપવામાં આવે છે.

<u>૦૮. મુદ્દા નંબર : ૦૩</u>

પ્રતિવાદીઓ દ્વારા નામદાર કોર્ટ ના વચગાળા ના હુકમ નું પાલન કરવામાં આવેલ ન હોય તે દર્શાવવા માટે વાદી તરફે કોઇ હાલ ના દાવા ના કામે ચોકકસ, સચોટ અને સંતોષકારક પુરાવા રજુ રાખવામાં આવેલ નથી. જેથી પ્રતિવાદીઓ દ્વારા નામદાર કોર્ટ ના હુકમ ની અવગણના થયેલ હોય તે હકીકત હાલ ના દાવા ના કામે પુરવાર થતી ન હોય મુદ્દા નંબર : ૦૩ નો જવાબ નકાર માં આપવામાં આવે છે.

<u>૦૯. મુદ્દા નંબર : ૦૪</u>

વાદી હાલ ના દાવા ના કામે માંગ્યા મુજબ ની દાદ મેળવવા માટે હકકદાર છે કારણ કે

દાવાવાળી સમગ્ર જમીન એ વાદી ના નામે રેવન્યુ રેકર્ડ માં બોલે છે. વાદી પાસે દાવાવાળી જમીન નો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ છે. જેથી દાવાવાળી જમીન ના વાદી કાયદેસર ના માલિક અને કબજેદાર છે. જે હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે. પ્રતિવાદી તેમની ઉલટ તપાસ માં એ હકીકત કબુલ મંજુર રાખેલ છે કે એ વાત ખરી છે કે દાવાવાળી જમીન ના મુળ માલિક સવીતાબેન શીવશંકર મહેતા હતા. પ્રતિવાદીઓ તેમના દાવા ના જવાબ માં એ હકીકત લઇને આવેલ છે કે પ્રતિવાદી ના પિતા ને એક મીલેટ્રીવાળો માણસ આવીને જમીન આપી ગયેલો અને કહેલ કે આ જમીન તમો સરખી કરીને ખેતી લાયક કરજો અને ખેતી કરજો અને તેનો ઉપયોગ ઉપભોગ કરજો તેમાં વાવેતર કરીને ઉપજ લેજો અને જમીન માં રહેજો તેમ જણાવેલ. સદર જમીન સરકારે તેમને સાંથણી માં નવી શરતે આપેલ છે. ભવિષ્યમાં નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવામાં આવે અને તેમના નામે થઇ જાય એટલે અમો તે જમીન તમોને વેચાણ આપી દેશું તેમ જણાવેલ અને તેના બદલામાં પ્રતિવાદી નં : ૦૧ ના પિતાશ્રીએ તે મીલેટ્રી ના માણસ ને રૂપિયા ૫૦૦/- પુરા રોકડા આપેલા તે રીતે આ જમીન નું નકકી થયેલું. પરંતુ ઉપરોકત હકીકત ને પુરવાર કરવા માં પ્રતિવાદીઓ સદંતૂરપણે નિષ્ફળ નીવડેલ છે. એક મીલેટ્રી નો માણસ કે જેના નામ નો પણ પ્રતિવાદીઓ ને ખબર નથી કે જાણ નથી તે અજાણ્યા મીલેટ્રી ના માણસ ની હકીકત ઉપર આધાર રાખી શકાય તેમ નથી. પ્રતિવાદીઓ એ તેમના જવાબ ના સમર્થન માં એકપણ ચોકકસ, સચોટ કે સંતોષકારક પુરાવો રજુ રાખેલ નથી. પ્રતિવાદીઓ ના કથનો મુજબ તેમના પિતાશ્રી વચ્ચે થયેલ મૌખિક કરાર ને પણ હાલ ના દાવા ના કામે પુરવાર કરવામાં આવેલ નથી. જે સંજોગો માં વાદી હાલ ના દાવા ના કામે માંગ્યા મુજબ ની દાદ મેળવવા માટે હકકદાર છે. દાવાવાળી જમીન ના વાદી કાયદેસર ના માલિક તેમજ કબજેદાર છે જે હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે. જેથી મુદ્દા નંબર : ૦૪ નો જવાબ હકાર માં આપવામાં આવે છે. અને મુદ્દા નંબર : ૦૫ અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

- **વાદીઓ નો દાવો આથી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.**

- **દાવાવાળી જમીન ઉનાના દેલવાડા ગામની સીમમાં રેવન્યુ સર્વે નંબર : ૩૫૧/પૈકી ૩ વાળી હેકટર ૦૨ આરે ૦૪ ચો.મી ૩૬ વાળી જમીન એ વાદી ની કાયદેસર ની માલિકી તેમજ કબજા ભોગવટા વાળી છે તેવું જાહેર કરવાનો હુકમ કરવામાં આવે છે.**
- **દાવાવાળી જમીન વાદી તેમજ તેમના ઘરના સભ્યો ને ખેડતા, વાવતા કે ઉપજ લેતાં પ્રતિવાદીઓ કે તેમના કુટુંબીજનો, એજન્ટો, નોકરો કે મુખત્યારો દ્વારા કોઈપણ જાત ની અટકાયત, હરકત, દખલ ઉભી કરે નહિં તેવો વાદી ની તરફેણ માં અને પ્રતિવાદીઓ વિરૂધ્ધ કાયમી મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.**
- **હુકમ મુજબ હુકમનામું દોરવું.**

**હુકમ આજ રોજ તારીખ : ૨૮.૦૭.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તારીખ : ૨૮.૦૭.૨૦૨૬
ઉના. ગીર સોમનાથ.

**(ભાર્ગવ વસંતકુમાર વ્યાસ)**
અધિક સીનીયર સીવીલ જજ,
ઉના. કોડ નં : જીજે. ૦૧૧૦૦.

*Type by oneself.*